દિવ્ય ભાસ્કર
ભરૂચ-અંકલેશ્વર 08-06-2022

ભાગે નુકસાન થયું હતું. વીજ ગયા હતા. અકસ્માત થતાંની સાથે

# કર્મચારી રાજ્ય વીમા નિગમ હોસ્પિટલ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ પખવાડિયાની ઉજવણી



**ભરૂચ |** શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના કર્મચારી રાજ્ય વીમા નિગમ હોસ્પિટલ, અંકલેશ્વર દ્વારા 7મી જૂનથી 21મી જૂન દરમિયાન આંતરરાષ્ટ્રીય યોગ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે, જેમાં આજે હોસ્પિટલમાં યોગ નિદર્શન, નિયમિત હેલ્થ ટોક અને હેલ્થ ચેકઅપ અને જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. 07મી ના રોજ જેમાં 55 આઈપી અને વીમાધારક દર્દીઓએ ભાગ લીધો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પખવાડિયાનું ઉદ્ઘાટન માનનીય સંસદસભ્ય મનસુખ વસાવા દ્વારા કર્મચારી રાજ્ય વીમા નિગમ હોસ્પિટલ, અંકલેશ્વર ખાતે કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમ દરમિયાન અનિલ ભાઈ (જિલ્લા પંચાયત દંડક) અને ડૉ. નિતેન્દ્ર સિંહ (અંકલેશ્વર તાલુકા સંગઠન વડા) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં યોગના ફાયદાઓ અને તેનાથી થતા રોગોથી કેવી રીતે બચી શકાય તે વિશે માનનીય સાંસદ દ્વારા વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. આ દરમિયાન, તબીબી અધિક્ષક, નાયબ તબીબી અધિક્ષક, નાયબ નિયામક સહિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને આઈપી/વીમાવાળા દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા.